# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ. બનાસકાંઠા

(ISO 9001:2008 Certified)

Phone No.(02742) 257055 Email Id: bnsdeo@gmail.com


ક્રમાંક : મા.વિ.૬/fire_NOC/૨૦૨૦/ ૨૭૮૫૦

તા. ૦૫/૧૧/૨૦૨૦

પ્રતિ,

પ્રમુખશ્રી/મંત્રીશ્રી/આચાર્યશ્રી,

મા. અને ઉ.મા. શાળાઓ સરકારી, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ શાળાઓ, (તમામ).
જિલ્લો. બનાસકાંઠા.

વિષય : શાળાઓ માં ફાયર સેફ્ટી NOC મેળવી લેવા બાબત.

સંદર્ભ : ૧) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક : પરચ-૧૨૨૦૨૦-૪૮૫-વ.૨
તા.૨૭/૧૦/૨૦૨૦ અને તા. ૦૩/૧૧/૨૦૨૦
૨) ગુ. મા. અને ઉ.મા શિક્ષણ બોર્ડ ના પત્ર ક્રમાંક : મઉમશબ/શાની/૧૬૨૨૯
તા. ૨૮/૧૦/૨૦૨૦
૩) ગુ. મા. અને ઉ.મા શિક્ષણ બોર્ડ ના પત્ર ક્રમાંક : મઉમશબ/શાની/૧૬૩૬૪
તા. ૪/૧૧/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિતપત્રથી જણાવવાનું કે, બનાસકાંઠા જિલ્લામાં આવેલી સરકારી, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. તમામ શાળાઓમાં જે શાળાઓએ ફાયર સેફ્ટી નું NOC મેળવેલ નથી તેવી શાળાઓના પ્રમુખશ્રી/મંત્રીશ્રી/આચાર્યશ્રીઓએ જે તે શાળાઓને લાગુ પડતાં ફાયર સેફ્ટી NOC ઈસ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારીશ્રી પાસેથી ફાયર સેફ્ટી નું NOC મેળવવાની કાર્યવાહી કરવા માટે આથી જણાવવામાં આવે છે. તથા જ્યારે પણ ફાયર સેફ્ટી NOC ની મુદ્દત પૂર્ણ થાય તે પહેલા ફાયર સેફ્ટી NOC રીન્યુઅલ કરાવવાની રહેશે.

સક્ષમ સત્તાધિકારી પાસેથી ફાયર સેફ્ટી નું NOC મેળવી તેની પ્રમાણિત કરેલી એક નકલ અત્રેની કચેરીમાં તાત્કાલિક મોકલી આપવાની રહેશે. સમય મર્યાદામાં ફાયર સેફ્ટીનું NOC મેળવવામાં નહીં આવે તો આ બાબતે કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની તમામ જવાબદારી સંચાલક મંડળની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

નકલ સવિનય રવાના :
સચિવશ્રી, ગુ. મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

Scanned by CamScanner